આરોપીઓ વગર પાસ પરમીટનો અલગ અલગ બ્રાન્ડનો વિદેશી દારુ તથા બીયર ટીનનો મુદ્દામાલ કન્ટેનર નં.આર.જે.૩૨.જી.એ.૬૦૨૦ માં કંપની સીલ બુચ વાળો ઇંગ્લીશ દારૂનો જથ્થો કૂલ બોક્ષ–૩૦૬, કુલ્લે નંગ–૬૦૭૨ કિ.રૂ.૧૦,૨૯,૬૦૦/– નો મુદ્દામાલ ભરી લઇ આવી તેમજ કન્ટેનર નં.એચ.આર.૬૬.૬૦૯૨ માં કીચન ગુડસના બોક્ષના ઓથા હેઠળ ભરી લઇ આવી તેમજ વોન્ટેડ આરોપી નં.૧ દીનેશ નાઓ ઇંગ્લીશ દારુ ભરવા સ્વીફ્ટ ગાડી નં.જીજે.૬.એફ.કયુ.૭૨૬ ની લઇ આવેલ, જે પોલીસને જોઇ ગાડી મુકી નાસી ગયેલ તથા વોન્ટેડ આરોપી નં.૧ નાઓએ સદર ઇંગ્લીશ દારૂનો જથ્થો વેચાણ કરવાના ઇરાદે ઉપરોકત ગાડીઓમાં ભરાવી મોકલાવેલ તે દારૂનો જથ્થો તથા સ્વીફ્ટ ગાડી કિં.રૂ.૪,૦૦,૦૦૦/– તથા કન્ટેનર નંગ–૨ કિં.રૂ.૪૦,૦૦,૦૦૦/– તથા કીચન ગુડસના બોક્ષ કિ.રૂ.૨૦,૨૨,૫૯૪/– તથા મોબાઇલ નંગ–૧ કી.રૂ.૧,૦૦૦/– મળી કુલ્લે રૂ.૭૫,૬૧,૧૯૪/– ના મુદ્દામાલ સાથે આ કામના આરોપીઓ પકડાઇ જઇ ગુનો કરેલ હોય, ધી ગુજરાત પ્રોહીબીશન ધારાની કલમ–૬૬(૧)(બી), ૬૫(એ)(ઇ), ૮૧, ૮૩, ૧૧૬(ખ) મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે. સદર ફરીયાદના આધારે તપાસ કરનાર અમલદારે તપાસ પૂર્ણ કરી અત્રેની અદાલતમાં મેઈન ચાર્જશીટ દાખલ કરેલ.

(૨) ત્યારબાદ આરોપીઓને સમન્સ કરતા અને જે બજી જતા આરોપીઓ હાજર થયેલ અને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ આરોપીઓને પોલીસ પેપર્સની નકલો આપેલ છે. સદર કામે આંક–૦૪ થી આરોપીઓ સામે તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. આરોપીઓની આંક–૦૫, ૦૬ થી પ્લી લેવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરતાં, સદરહું કામના આરોપીઓ વિરૂધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. ત્યારબાદ સદરહું ગુનાના કામે આરોપી નં.૧ હાજર રહેતા ન હોય, આરોપી નં.૧ ઉપર અવાર–નવાર પકડ વોરંટ કાઢવામાં આવેલ હોય, પરંતુ આરોપી નં.૧ ને કોર્ટ સમક્ષ હાજર રખાવી શકેલ નથી અને આરોપી નં.૧ નજીકના ભવિષ્યમાં મળી આવે તેમ નથી અને તેની ગેરહાજરીના પરિણામે કેસની કાર્યવાહીમાં વિલંબ પડે છે. તેથી આ તમામ સંજોગોનો

લક્ષમાં લઈ સી.આર.પી.સી. કલમ-૨૯૯(૧) અન્વયે આરોપી નં.૧ ની ગેરહાજરીના પરિણામે કેસની કાર્યવાહી વિલંબમાં ન પડે તે હેતુથી કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષ તરફથી પોતાનો કેસ સાબિત કરવા નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવા :-</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | પંચ સાહેદ રમેશભાઈ ચંદુભાઈ પરમારની જુબાની | ૩૦ |
| ૦૨ | ફરીયાદી કિરિટસિંહ ચંદુભાઈની જુબાની | ૩૫ |
| ૦૩ | પોલીસ સાહેદ હે.કો. સંજયકુમાર દયારામની જુબાની | ૪૦ |
| ૦૪ | પોલીસ સાહેદ પો.કો. મોઈનુદીન સરફુદીનની જુબાની | ૪૧ |
| ૦૫ | નિ.પોલીસ સાહેદ નગીનભાઈ મણીભાઈ પટેલની જુબાની | ૫૪ |
| ૦૬ | નિ.પોલીસ સાહેદ એ.એસ.આઈ. ધીરજભાઈ સોમાભાઈ પરમારની જુબાની | ૯૦ |
| ૦૭ | નિ.પોલીસ સાહેદ એ.એસ.આઈ. રતનસીંહ કરણીદાન ગઢવીની જુબાની | ૯૭ |
| ૦૮ | પોલીસ સાહેદ પી.એસ.આઈ. સંદીપભાઈ અપ્પાસાહેબ પાટીલની જુબાની | ૯૮ |
| ૦૯ | સાહેદ ગોપાલભાઈ પુનમભાઈ પઢીયારની જુબાની | ૧૦૦ |
| ૧૦ | ત.ક.અ.શ્રી પી.આઈ. વીરાભાઈ મુરુભાઈ લગારીયાની જુબાની | ૧૦૮ |
| ૧૧ | ગુનો દાખલ કરનાર પોલીસ સાહેદ નિવૃત અ.હે.કો. રાજેન્દ્રભાઈ દીતાભાઈ પાંડોરની જુબાની | ૧૧૪ |

**<u>દસ્તાવેજી પુરાવા :-</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું | ૩૧ |
| ૦૨ | ફરીયાદ | ૩૬ |
| ૦૩ | એફ.એસ.એલ. રવાનગી પત્રક | ૧૦૯ |
| ૦૪ | એફ.એસ.એલ. પરીક્ષણ અહેવાલ | ૧૧૦ |
| ૦૫ | SANTOSH FREIGHT CARRIERS PVT LTD. ની DRIVER COPY | ૧૧૧ |
| ૦૬ | KAFF APPLIANCES (INDIA) PVT LTD. ના TAX/RETAIL INVOICE બીલો | ૧૧૨ |

ક.૦૪/૧૫ દરમ્યાન આસોદર ચોકડી બોરસદ રોડ મહાકાળી પેટ્રોલપંપ આગળ, આરોપીઓ વગર પાસ પરમીટનો અલગ અલગ બ્રાન્ડનો વિદેશી દારુ તથા બીયર ટીનનો મુદ્દામાલ કન્ટેનર નં.આર.જે.૩૨.જી.એ.૬૦૨૦ માં કંપની સીલ બુચ વાળો ઇંગ્લીશ દારૂનો જથ્થો કૂલ બોક્ષ–૩૦૬, કુલ્લે નંગ–૬૦૭૨ કિ.રૂ.૧૦,૨૯,૬૦૦/– નો મુદ્દામાલ ભરી લઇ આવી તેમજ કન્ટેનર નં.એચ.આર.૬૬.૬૦૯૨ માં કીચન ગુડસના બોક્ષના ઓથા હેઠળ ભરી લઇ આવી તેમજ વોન્ટેડ આરોપી નં.૧ દીનેશ નાઓ ઇંગ્લીશ દારુ ભરવા સ્વીફ્ટ ગાડી નં.જીજે.૬.એફ.કયુ.૭૨૬ ની લઇ આવેલ, જે પોલીસને જોઇ ગાડી મુકી નાસી ગયેલ તથા વોન્ટેડ આરોપી નં.૧ નાઓએ સદર ઇંગ્લીશ દારૂનો જથ્થો વેચાણ કરવાના ઇરાદે ઉપરોકત ગાડીઓમાં ભરાવી મોકલાવેલ તે દારૂનો જથ્થો તથા સ્વીફ્ટ ગાડી કિં.રૂ.૪,૦૦,૦૦૦/– તથા કન્ટેનર નંગ–૨ કિં.રૂ.૪૦,૦૦,૦૦૦/– તથા કીચન ગુડસના બોક્ષ કિ.રૂ.૨૦,૨૨,૫૯૪/– તથા મોબાઇલ નંગ–૧ કી.રૂ.૧,૦૦૦/– મળી કુલ્લે રૂ.૭૫,૬૧,૧૯૪/– ના મુદ્દામાલ સાથે આ કામના આરોપીઓ પકડાઇ જઇ ગુનો કરી ધી ગુજરાત પ્રોહીબીશન ધારાની કલમ–૬૬(૧)(બી), ૬૫(એ)(ઇ), ૮૧, ૮૩, ૧૧૬(ખ) મુજબના શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે.

૧. નકારાત્મક.

૨. આખરી હુકમ મુજબ.

**:: કા ર ણો ::**

**<u>મુદ્દા નં.૧ અને ૨ :–</u>**

(૭) ફરીયાદ પક્ષે મુદ્દામાલ કબજે કરેલાનું પંચનામું આંક–૩૧ થી રજૂ કરેલ છે. સદર પંચનામાના પંચ સાહેદ રમેશભાઇ ચંદુભાઇ પરમાર નાઓને આંક–૩૦ થી તપાસેલા છે. સદર પંચ સાહેદની જુબાની વંચાણે લેતાં તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલાનું જણાવે છે. પંચનામાની વિગતો અંગે તેઓને કોઈ માહિતી

